# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**---------------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# FREIGHT CORRIDOR

વડોદરા જિલ્લાના 30 ગામોમાંથી પસાર થતો ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર માલપરિવહન ક્ષેત્રે એક અભૂતપૂર્વ સીમાચિહ્ન સાબિત થઈ રહ્યો છે. વરણામા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ઉચ્ચ અધિકારીઓએ આપેલી માહિતીના આધારે જૂના ટ્રેક પર ગુડ્ઝ ટ્રેનની સરેરાશ ઝડપ માત્ર 25-26 કિમી/કલાક રહેતી હતી, તે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના કારણે હવે 70 કિમી/કલાક સુધી પહોંચી ગઈ છે. આ ઝડપને 100 કિમી/કલાક સુધી લઈ જવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે. માલગાડી સમર્પિત ટ્રેક અને ટ્રક ઓન ટ્રેન સેવાના કારણે મહેસાણાની દૂધ સાગર ડેરીથી દિલ્હી સુધીના પરિવહન સમયમાં અંદાજે 60 ટકાનો ઘટાડો થયો છે. અગાઉ દૂધના ટેન્કરોને દિલ્હી પહોંચતા 17 કલાકનો સમય લાગતો હતો, જે હવે માત્ર 7 કલાકમાં પહોંચી રહ્યા છે.

# GUJARAT RAIN

દક્ષિણ ગુજરાતના 29 તાલુકામાં આજે વરસાદના અહેવાલ છે. જેમાં સુરતના ઉમરપાડા જિલ્લામાં આજે પોણા બે ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે નર્મદા જિલ્લાના સાગબારમાં દોઢ ઇંચ વરસાદ વરસ્યો છે. નવસારીના ગણદેવીમાં વરસાદ થતાં લોકોમાં આનંદની લહેર જોવા મળી છે.

સમગ્ર ડાંગ જિલ્લામાં આજે સવારથી વાદળછાયા વાતાવરણની સાથે ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા. મુખ્ય મથક આહવા બોર ખેત બોરખલ પીપલામાળ વઘઈ અને તેના આજુબાજુના વિસ્તારોમાં વરસાદ થવાના કારણે ખેડૂતોની આતુરતાનો અંત આવ્યો છે. વલસાડ તાલુકામાં આજે એક ઇંચ વરસાદ નોંધાયો.

# WEATHER FC

દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદનું યલો એલર્ટ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સુરત, નવસારી, ડાંગ અને વલસાડમાં આજે ભારે વરસાદની આગાહી છે. દરમિયાન આજે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતનાં જિલ્લાઓમાં પણ આજે ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા છે. આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

# UKAI DAM

તાપી જિલ્લાના ઉકાઇ ડેમમાં આગામી એક વર્ષ સુધી પીવાના પાણીનો પૂરતો જથ્થો હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે. જેને પગલે પીવાના પાણીને લઈ દક્ષિણ ગુજરાતવાસીઓ આગામી એક વર્ષ ચિંતામાંથી મુક્ત થયા છે. આ અંગે ઉકાઈ ડેમના નાયબ કાર્યપાલક ઇજનેર મયંક રાઠોડે વધુ માહિતી આપી.

## BYTE - MAYANK RATHOD (DEPUTY EXECUTIVE ENGINEER, UKAI)

# KUTCH DABAAN

કચ્છ જિલ્લાના 9 તાલુકાઓમાં કુલ 30 દબાણો દૂર કરીને 22 હજાર 485 ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે, જેની અંદાજિત કિંમત એક કરોડ 67 લાખ રૂપિયા જેટલી થાય છે. દૂર કરાયેલા કુલ દબાણોમાં 11 ધાર્મિક, 17 વાણિજ્યિક તથા 2 રહેણાંક પ્રકારના દબાણોનો સમાવેશ થાય છે.

તાલુકાવાર કામગીરીમાં ભુજ તાલુકામાં સૌથી વધુ 15, નખત્રાણા તાલુકામાં 3, ગાંધીધામ તાલુકામાં 2 તેમજ લખપત, મુંદ્રા, માંડવી, ભચાઉ અને રાપર તાલુકામાં 1-1 દબાણ દૂર કરવામાં આવ્યું છે. અબડાસા તાલુકામાં કુલ 5 દબાણો દૂર કરીને નોંધપાત્ર જમીન દબાણમુક્ત કરાવવામાં આવી છે.

# CHHOTA UDEPUR ABHIYAN

છોટાઉદેપુર જિલ્લાની કિશોરીઓમાં અડગ આત્મવિશ્વાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને નેતૃત્વના ગુણો ખીલે તેવા આશય સાથે "સશક્ત દીકરી - કલેક્ટર ઇન ક્લાસરૂમ" અભિયાનનો પ્રારંભ કરાયો છે. આ નવતર અભિયાનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને આજે છોટાઉદેપુર નગરની એસ એફ હાઈસ્કૂલ શાળાની મુલાકાત લઈ, બાળાઓ સાથે સંવાદ સાધીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

**(BYTE: GARGI JAIN, DISTRICT COLLECTOR)**

# DAANG - VIKSIT BHARAT YUVA PARLIAMENT 26

ડાંગ જિલ્લાના કૃષિ મહાવિદ્યાલયની વિદ્યાર્થીની નિકિતાએ નવી દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના "વિકસિત ભારત યુવા પાર્લામેન્ટ 2026" કાર્યક્રમમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.

કાર્યક્રમ દરમિયાન કુમારી નિકિતાએ "નારી શક્તિ વંદન અધિનિયમ: મહિલા આરક્ષણ બિલ" વિષય પર પોતાના વિચારો અસરકારક રીતે રજૂ કર્યા હતા. લોકશાહી મૂલ્યો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા, માહિતીસભર સંવાદની ક્ષમતા તથા રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેનો સકારાત્મક અભિગમ અત્યંત પ્રશંસનીય રહ્યો હતો. આ કાર્યક્રમમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી પસંદગી પામેલા યુવા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.